**મહે. શ્રી. અંકલેશ્વરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, અંકલેશ્વર**

**ફોજદારી કેસ નં.૫૨૬/૨૦૨૬**
આંક –

**ફરીયાદી** **શ્રી સરકાર**

વિરુધ્ધ

**આરોપી** : રંજનબેન રાજેશભાઈ વસાવા
રહે. સામોર તળાવ ફળિયુ તા.અંકલેશ્વર જી.ભરૂચ

બાબત :– **ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫ એફ મુજબ**
// ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી//
// આરોપી તરફે વિ.વ.શ્રી આર.આર. વસાવા / /

**:: ચુકાદો ::**

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપી ગેરકાયદેસર વગર પાસ પરમીટનો દેશી દારૂ વેચાણ કરવાના ઈરાદે રાખવા બદલ તેમના વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(એફ) અંતર્ગત ફરીયાદ નોંધતા આ કામના ત.ક.અ. ધ્વારા તપાસ હાથે ધરી આરોપીસામે પુરતો પુરાવો મળી આવતા તેઓએ અત્રેની અદાલતમાં આરોપી વિરૂધ્ધ સદર ગુનાની ચાર્જશીટ રજુ કરવામાં આવેલી જેથી આ કેસ ઉપસ્થિત થયેલ.

**૨.** ચાર્જશીટ રજુ થતા અત્રેની અદાલત ધ્વારા આરોપીને સમન્સ કરવામાં આવેલ, જેથી આરોપી અત્રેની કોર્ટમાં થયેલ, તેઓને સી.આર.પી.સી. કલમ – ૨૦૭ મુજબ વિના મુલ્યે ચાર્જશીટની નકલ પુરી પાડવામાં આવેલ. આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલા ગુનાનુ તહોમતનામુ ફરમાવી, આરોપીની પ્લી વિશે તેઓને પુછતા, તેઓએ ગુના કબુલ હોવાનુ ઈન્કાર કરેલ, જેથી સદર કેસની ન્યાયિક કાર્યવાહી હાથે ધરવામાં આવી.

**૩.** સદર કામે ફરીયાદી પક્ષ તરફે રજુ કરાયેલ લેખીત અને મૌખિક પુરાવાઓને ધ્યાને લેતા, આરોપીનુ સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબ નિવેદન નોંધવુ અત્રેની કોર્ટને જરૂરી નહી લાગતા, આરોપીનુ વધારાનુ નિવેદન લેવામાં આવેલુ નથી. વળી, સદર નિવેદન ન લેવાથી આરોપીના અધિકાર ને કોઈ પ્રેજ્યુડાઈશ થાય તેમ કોર્ટને જણાતુ નથી.

**૪.** સદર કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧) શુ ફરીયાદપક્ષ સાબિત કરે છે કે આ કામના આરોપીએ ફરીયાદ પક્ષમાં આક્ષેપાયેલા મુજબનુ કૃત્ય કરી, ધી ગુજરાત પ્રોહીબીશન (સુધારા) અધિનિયમ –૨૦૧૭ મુજબનો શીક્ષાપાત્ર ગુનો આચરેલ છે ?

૨) શુ હુકમ ?

**૫.** ઉપરોકત મુદ્દા અંગે મારા ન્યાયીત નિર્ણય નીચે મુજબ છે.

૧) નકારમાં

૨) આખરી હુકમ મુજબ

**::કારણો::**

**૬.** સબબ કામે ફરીયાદપક્ષના પંચ સાહેદને તપાસવામાં આવેલ, સદર પંચ તેમની કોર્ટ રૂબરૂની જુબાની માં જણાવે છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહીઓ કરેલી.તે સિવાય પંચનામાની વિગતો વિશે તેમને કોઈ જાણ નથી, વળી પંચોએ સ્વીકાર રાખેલ છે કે, પંચનામાની હકીકત તેમને ખબર નથી, પંચનામુ શાનુ છે તે પણ તેઓને ખબર નથી અને તેથી સદર પંચનામાની હકીકત માની શકાય નહી. કેમ કે સદર પંચનામુ કઈ બાબતનુ છે તે પણ આ કામના પંચ, સાહેદ ને ખબર ન હતી. તેઓની ફકત પંચનામામાં સહી લેવામા આવેલ આમ, ફરીયાદપક્ષ કહેવાતુ પંચનામુ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી આ કામનુ પંચનામુ માની શકાય નહી.

**૭.** સદર કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ આખરી અહેવાલ જોવામાં આવે તો સબબ કામે ફકત પંચો જ સ્વતંત્ર સાહેદો છે તે સિવાયના તમામ સાહેદો પોલીસ અધિકારીઓ છે. પંચોએ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વળી, સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકામમનીક પટેલ (૧૯૭૯ ક્રી. લો. જ. મહા. ૪૨૧) માં પ્રસ્થાપિત કરેલ છે. જયારે પંચ સાહેદો ધ્વારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદી તથા અન્ય પોલીસ સાહેદોની સોગંદ પરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી. વળી સદર કામે પ્રમાણિત ટેસ્ટીંગ લેબોરેટરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી, તે અંગેનો કોઈ રીપોર્ટ ફરીયાદપક્ષ ધ્વારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી. જેથી પકડાયેલ પ્રવાહી નશાકારક હતુ કે નહી તે પણ ચોકકસ પણે માની ન શકાય. સદર કામે સાહેદો પોલીસના સાહેદો છે જેથી ફકત તેઓના નિવેદનને ધ્યાને લઈ સદર કામના આરોપીને સદર ગુના માટે તકશીરવાન ઠરાવવાનુ અત્રેની અદાલતને યોગ્ય લાગતુ નથી.

૮. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલા તમામ પુરાવા જોતા આ કામના આરોપી સામેના ગુનામાં સાકળી તકસીરવાર ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોય, જેથી તેઓને નિર્દોષ છોડી મુકવાનો ન્યાયોચિત જણાય આવે છે. જેથી, મુદા નંબર ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નંબર ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(એએ) મુજબના ગુનામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૧ (૧) મુજબ નિર્દોષ ઠરાવવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ પ્રવાહીના નમૂનાનો સરકારશ્રીના નિયમ મુજબ નિયત કરેલ સમિતી રૂબરૂ અપીલ પીરીયડનો સમય પુરો થયા બાદ નાશ કરવો.

(૩) સદર કામે અન્ય મુદ્દામાલ સંદર્ભે જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો.

(૪) આ કામે આરોપીના ટ્રાયલ દરમ્યાન રેકર્ડ પરના જામીનને અપીલ પરીયડના જામીન સુધી ચાલુ રાખવામાં આવે છે, અને જો સદર જામીનદાર હવે પછી સદર કામના આરોપીના જામીન તરીકે રહેવા માંગતો ન હોય, તો તે અત્રેની અદાલતમાં યોગ્ય અરજી કરી શકશે.

આજરોજ તા.૦૬ઠ્ઠી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ–અંકલેશ્વર
તા.૦૬/૦૪/૨૦૨૬

**(આર.એ. ચૌહાણ)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
અંકલેશ્વર.
કોડ નં. જી.જે.૦૧૭૪૭